શ્રી જૈન યુવક પરિષદ

[પ્રથમ અધિવેશન]

ગુરુવાર શુક્રવાર

૩૧.૧૨:૩૧ : : ૧:૧:૩૨

પ્રમુખ

શ્રી મણિલાલ વલભજી કોઠારીનું

ભાષણ

સ્વાગત સમિતિ, શ્રી જૈન યુવક પરિષદ

મુંબઈ

મુદ્રક: મોહનલાલ મગનલાલ ભટ્ટ, નવજીવન મુદ્રણાલય, અમદાવાદ
પ્રકાશક: પરમાનંદ કુંવરજી કાપડિયા, મંત્રી, સ્વાગત સમિતિ
શ્રી જૈન યુવક પરિષદ, મુંબઈ

પ્રતિનિધિ બહેનો અને ભાઈઓ,

શ્રી જૈન યુવક પરિષદના પ્રથમ અધિવેશનનું પ્રમુખપદ આપી આપણા સમાજની યત્કિંચિત સેવા કરવાની જે અમૂલ્ય તક આપે મને આપી છે તે માટે હું આપ સહુનો અંતઃકરણપૂર્વક આભાર માનું છું. ખરી રીતે આ પદ સ્વીકારતાં હું બહુ જ અચકાતો હતો. કારણ હું મારા આજસુધીના જાહેરજીવનમાં જૈનસમાજની કોઈ ખાસ સેવા કરવા ભાગ્યશાળી થયો નથી. તેમ સમાજના અગત્યના પ્રશ્નો વિષે મેં અત્યારસુધીમાં જેવા જોઈએ તેવા ગંભીર વિચાર પણ ક્ર્યા નથી. છેલ્લાં કેટલાંએક વર્ષો થયાં મેં રાષ્ટ્રની એક નાના પ્રકારની સિપાઇગિરી જ કરી છે અને રાષ્ટ્રહિતને અંગે મળતા હુકમો શક્તિ અને શ્રદ્ધાપૂર્વક ઉઠાવવામાં જ મેં ધર્મ માન્યો છે. એક સિપાઇને ખરી રીતે આવા અધિવેશનમાં પ્રમુખપદ ન હોઈ શકે. તેની પાસેથી કોઈ મોટા આદેશની આશા પણ ન રાખી શકાય. પરંતુ મારા પરમ મિત્રો અને સાથીઓના આગ્રહને આધીન થઈ અને આપણા પૂજ્ય રાષ્ટ્રપતિ સરદાર વલ્લભભાઈ પટેલની આજ્ઞા અને આશીર્વાદ મળતાં મેં આ સેવાનું પદ સ્વીકાર્યું છે, અને એક મોટી જવાબદારી વહોરી છે. અને જ્યારે હું આ સંમેલનમાં મારી આસપાસ ઊંચા ભાવથી પ્રેરાયેલા સેવકો અને સિપાઇઓને જોઉં છું ત્યારે મને ઘણું પ્રોત્સાહન મળે છે અને વહોરેલી જવાબદારીને તમારા સહુનો સહૃદય સહકાર મેળવી, પહોંચી વળવાની અને આ પદેથી સમાજની રાષ્ટ્રીય દૃષ્ટિએ યત્કિંચિત સેવા કરવાની ઉમેદ રાખું છું. મારી પાસે વિશેષ આશા ન રાખવા શરૂઆતમાં જ મારી તમને નમ્ર વિનંતિ છે.

મારા અંતરના ભાવ અને નમ્ર આગ્રહને માન આપી આપે આ પરિષદ ત્રણે ફિરકાના યુવાનોની બનાવી છે, તેથી મને અત્યંત સંતોષ અને અપૂર્વ ઉત્સાહ મળે છે, અને તે માટે સ્વાગતમંડળના પ્રમુખ મારા પરમ મિત્ર શ્રી વીરચંદ પાનાચંદ તથા તેમના ઉત્સાહી સાથીઓને અંતઃકરણપૂર્વક ધન્યવાદ આપું છું. ત્રણે ફિરકાના યુવાનોનું આ સંમેલન ભવિષ્યને માટેની એક સુંદર આગાહી છે અને તે એક ભવ્ય અને આદર્શ એવા સમાજહિતના ચણતરને માટે પાયારૂપ બને એવી પરમકૃપાળુ પરમાત્મા પાસે મારી નમ્ર પ્રાર્થના છે.

આ પ્રસંગે આપણને સૌને અતિ દુઃખ છે કે જૈન કોમના એક અગ્રગણ્ય પત્રકાર, સમાજસુધારક અને તત્ત્વજ્ઞાની શ્રી વાડીલાલ મોતીલાલ શાહ આપણી વચ્ચે નથી. તેમના અકાળ અવસાનથી આપણા સમાજને એક મોટી ખોટ આવી છે. તેમના આત્માને પરમ શાન્તિ મળો એવી આપણે સૌ પ્રાર્થના કરીએ.

મેં મારા જાહેરજીવનમાં હંમેશાં આપણી જૈન કોમનો કોમી દૃષ્ટિએ નહિ પરંતુ સમસ્ત રાષ્ટ્રની દૃષ્ટિએ જ વિચાર કર્યો છે, કરું છું, અને છેલ્લે સુધી કરતો રહીશ. ભારતના પાંત્રિસ કરોડના પ્રાથમિક હક્ક અને પરમ હિતના જે વિશાળ અને ગંભીર પ્રશ્નો આજે ઉપસ્થિત છે તેનાથી જૈન કોમના આર્થિક, સામાજીક અને રાજનૈતિક હિતના પ્રશ્નો કોઈ પણ પ્રકારે જુદા નથી એમ હું દૃઢતાપૂર્વક માનું છું. આપણું હિત હરેક દૃષ્ટિએ રાષ્ટ્રના મહાન હિત સાથે જોડાયેલું છે અને ખરી રીતે તે એકજ છે. એટલે રાષ્ટ્રના એક અંગ તરીકે જ આપણે આપણો વિચાર કરીએ.

આપણો સમાજ

એ એક ઐતિહાસિક બીના છે કે પૂર્વે જૈન કોમ હિન્દુસ્તાનની ચારે દિશામાં ઘણી મોટી સંખ્યામાં હતી અને સાચા વેપાર અને શુદ્ધ વહેવારને પરિણામે પુષ્કળ સમૃદ્ધિ ભોગવતી હતી. મહાન તીર્થો જેને અંગે આજે નહિ ઇચ્છવાયોગ્ય ઝગડાઓ અહીંતહીં ચાલે છે અને જે દ્રવ્યનો પુષ્કળ ખર્ચ થતાં પણ સુરક્ષિત નથી તે, તે વખતે બંધાયાં હતાં. કાળની વિષમતા કહો કે અનેક પ્રકારના

સામુદાયિક કર્મ અને સામાજીક બદીઓના કારણે કહો, જ્યાં કરોડો હતાં ત્યાં આજે આપણે અમુક લાખ જ છીએ. અને તે પણ છિન્ન-ભિન્ન દશામાં, અને જ્યાં અઢળક દોલત હતી ત્યાં આજે મોટે ભાગે નિર્ધનતા અને નિરાધારપણું, અને જે થોડી ઘણી લક્ષ્મી અહીંતહીં જોવામાં આવે છે તે પણ કંઈ જ નથી. અમુક લાખ, તેમાં પણ ત્રણ ફિરકા, અનેક ગચ્છ અને વિશાળ સામાજીક વ્યવહારનું રૂંધન કરનારા વાડાઓ; જેને પરિણામે આજે જૈન કોમ પોતાના અને રાષ્ટ્રના હિતમાં એક સંગઠિત શક્તિરૂપે નથી. વળી ધન પ્રાપ્ત કરવાના હેતુએ જે ધંધાઓ જૈનો મુખ્ય ભાગે કરે છે તેમાં સત્ય અને અહિંસા એટલે કે વીરધર્મના સિદ્ધાંતો પૂરીરીતે અને કેટલીક બાબતોમાં એકે રીતે સચવાતા નથી, બલ્કે સત્ય હકીકત એ છે કે મોટા પ્રમાણમાં એ કલ્યાણકારી સિદ્ધાંતોનું ઉલ્લંઘન થતું જોવામાં આવે છે. જૈનોમાં પૂર્વે ઘણી સખાવત હતી. આજે પણ સખાવત તો છે, પરંતુ તેમાં મુખ્ય ભાગે સંકુચિત સાંપ્રદાયિક ભાવ રહ્યો છે જેથી તેના પરિણામે કોમની કોઈપણ પ્રકારે અભિવૃદ્ધિ થઇ શકતી નથી, જ્યારે કુરૂઢિઓ અને ક્રિયાજડતાના પરિણામે થતાં ખોટા ખર્ચોથી સમાજની સ્થિતિ દિનપ્રતિદિન દુર્બળ અને દયાજનક થતી જાય છે. પુષ્કળતાનો સમય હતો ત્યારે અમુક દિશાના ખર્ચો ભલે ઠીક ગણાતા હશે પણ આજે જમાનો બદલાતાં અને દિનપ્રતિદિન બેકારી અને કંગાલિયત વધતાં દાનની દિશા ફેરવવી ઘટે છે એમ મારૂં નમ્ર માનવું છે,

આખા રાષ્ટ્રમાં ચોમેર ઊંડા મૂળની અને ઊંચા પ્રકારની જાગ્રતિ અને અભિલાષાઓ ફેલાયાં છે તે વખતે આપણે વર્તમાન સ્થિતિના અને સુધારણાના ઉપસ્થિત પ્રશ્નોનો બહુ ગંભીરપણે વિચાર કરવો અને યોગ્ય દિશામાં પ્રયત્ન સેવવો ઘટે છે. પ્રશ્નોની ગંભીર વિચારણામાં અને વ્યવહારુ ઉકેલમાં સહુથી વધારે ભાગ ભજવવાનું અને ભોગ આપવાનું આ યુગમાં યુવકોને જ શિરે રહે છે. આપણા યુવકોએ એ દિશામાં પોતાનું માનસ બરાબર કેળવી ખૂબ શાન્તિથી અને વિવેકથી જુદીજુદી પરીસ્થિતિમાં યોગ્ય અને જરૂરી સુધારણા કરવી કરાવવી જોઈએ.

આપણે એક છીએ

પૂજા અને ક્રિયાકાંડની વિધિઓમાં ભલે ભેદ છે છતાં જૈન તત્ત્વજ્ઞાનની દૃષ્ટિએ આપણો સહુનો ધર્મ એકજ છે અને આપણે સહુ મહાવીરનાં સંતાનો તરીકે એકજ કોમ છીએ એમ આપણે ગૌરવ ધરવું જોઈએ. આપણા વચ્ચે હાલમાં અરસપરસના વિરોધ અને કલેશના કારણે જે ગંદું વાતાવરણ ફેલાયું છે અને ધર્મના નામે જે ઝગડાઓ થઈ રહ્યા છે તે આપણને કેવળ શરમાવનારા જ નહિ પરંતુ આપણને અધઃપતનને માર્ગે લઈ જનારા છે. આ સંબંધમાં મારા મનવિષે બેહદ દુઃખ છે. આ સ્થાનેથી હું કોઈપણ પ્રકારની લાંબી ચર્ચામાં ઊતરવા ઇચ્છતો નથી; અને એવી કોઈપણ ચર્ચા આ પરિષદમાં કરવી અનિચ્છનીય છે એમ હું નમ્ર ભાવે કહું છું. અરસપરસના વિશ્વાસ અને સાચી સમજણથી આ ગંદુ વાતાવરણ સત્વર સાફ કરવું જોઈએ અને ધર્મને નામે ચાલતા ઝગડાઓ તત્ત્વજ્ઞાનની વિશાળ દૃષ્ટિએ જલદી શાંત કરવા જોઈએ.

શ્રીસાધુગણને અને યુવકગણને

આ સ્થાનેથી—જે મને પ્રેમ અને વિશ્વાસથી આપેલ છે—હું નમ્ર ભાવે બે શબ્દો શ્રીસાધુગણને તેમજ મારા યુવક બંધુઓને કહેવા ઇચ્છું છું.

શ્રીસાધુગણ, આપના ત્યાગ અને તપ પ્રત્યે અમોને માન છે. પૂર્વે મહાન આચાર્યોએ અને સાધુઓએ જગત અને આત્મ-કલ્યાણના ઊંચા આદેશો આપી જે જૈનસમાજને પુનિત કરેલ છે તે જ સમાજ આજે રાજનૈતિક ગુલામીમાં, આર્થિક કંગાલિયતમાં અને સામાજિક પામરતાથી પીડાય છે. જાગ્રત પ્રજા આ દશામાંથી મુક્તિ શોધે છે અને ભવિષ્યને માટે મોટી અભિલાષાઓ સેવે છે. આપ કૃપા કરી આ કર્મયુગને, અને એક મહાન વિભૂતિ, જે કેવળ ભારતના પાંત્રીસ કરોડના પરમ હિતને માટે નહિ પરંતુ જગતના જીવમાત્રના ઉદ્ધારને માટે પ્રચંડ આંદોલન કરી રહેલ છે અને જેને જગતનો મોટો ભાગ ઓળખવા અને વંદવા લાગેલ છે, તેને ઓળખો; અને હાલના ચાલતા હિણપત પમાડનારા ઝગડા-

ઓને દૂર કરી, બને તો શાંત કરી, અમારા સમાજના સાચા પ્રેરક અને સંચાલક બનો. માનવ સમુદાયના હિતમાં અમારૂં હિત છે અને ધર્મશાસનનો અભ્યુદય છે એ વિશાળ દૃષ્ટિએ જ અમને અમારા સામાજીક આર્થિક અને રાજનૈતિક પ્રશ્નોના ઉકેલમાં યથાશક્તિ મદદ કરો. આપણાં રાષ્ટ્રનો આખોયે મુક્તિસંગ્રામ, જેના પરમપૂજ્ય મહાત્મા ગાંધીજી મહાસેનાની છે, જે સત્ય અને અહિંસાના જગતકલ્યાણકારી સિદ્ધાંત ઉપર યોજાયેલો અને ચાલી રહ્યો છે, તેમાં આપ પણ પ્રેમભાવે કંઈક પણ સારો ફાળો આપો. અમે વિશ્વાસથી માનીએ છીએ અને આપને કહીએ છીએ કે આ ગાંધીયુગ જેમ દરેક ધર્મના ઉત્થાનને માટે તેમ શ્રી જૈન-શાસનના ઉત્થાનને માટે બહુ અનુકૂળ છે. આપ દિગંબરી હો, મૂર્તિપૂજક હો કે સાધુમાર્ગી હો આપ શ્રાવકોને, શ્રાવિકાઓને અને અન્ય શ્રોતાજનોને હાલ તુરતને માટે આપના વ્યાખ્યાનોમાં તેમજ બીજી અનુકૂળતાએ રાષ્ટ્રધર્મની દીક્ષા આપો, કારણુ તેમાં જ રાષ્ટ્રની સાથે આપણા શાસનનો પણ અભ્યુદય સમાયેલો છે. અને જેમ બહુ સાધુઓએ ખાદી ધારણ કરી છે તેમ આપ સહુ આપના પવિત્ર દેહ વિષે તે પવિત્ર વસ્ત્રો ધારણ કરો કે જેને બનાવવામાં દરેક રીતે અહિંસા જળવાય છે અને જેના પરિણામે અસંખ્ય વિધવાઓ અને વૃદ્ધ માતાઓ અને કંગાલિયતથી પીડાતા દયાને પાત્ર એવા વણકરોને અને તેમનાં બચ્ચાંઓને ટુકડો રોટલો ખાવા મળે છે. પીડાતો દેશ આપના પવિત્ર પાટ અને પદેથી આપની આટલી શુદ્ધ અને સાર્વજનિક સેવાનો ફાળો ન માગી શકે!

હવે યુવક બંધુઓ અને બહેનો, તમને હું શું કહું? તમે તો ભાવનાઓ અને જ્વલંત અભિલાષાઓની મૂર્તિઓ છો, તમારા ઉપર ભાવિની આશા અને આધાર અવલંબે છે અને જેમ દરેક સ્વાધીન દેશમાં તેમ સ્વાધીનતાને માટે ઝઝુમતા આ દેશમાં તમે નવા ઇતિહાસના સ્રષ્ટા છો. તમારામાં શુદ્ધપ્રીતિ, ધૈર્ય, વિવેક, જુલમ અને સીતમની સામે શાંત ભોગ આપી સંગ્રામ કરવાની શક્તિ કેળવો; નાનાનાના ઝગડાઓમાંથી બચી બહાર આવો અને સમાજની એકેએક વ્યક્તિ સાથે અમોઘ મૈત્રી સેવી સામાજીક

કુરૂઢિઓને મિટાવવા પ્રયત્નશીલ બનો અને જલદીથી આપણા શક્તિહીન સમાજને સબળ અને સુયોગ્ય બનાવી, સ્વાધીનતા તરફ વીજળીવેગે ધપતા રાષ્ટ્રને તેની અમૂલ્ય ભેટ આપો. આપણે માટે અત્યારે આપદ્‌કાળમાં આ જ ધર્મ છે આ જ દીક્ષા છે, જેના પરિણામે આપણે દેશનું અને દેહનું હિત સાધી શકીશું.

આપણા પ્રશ્નો અને ઉકેલ

એટલે હવે રાષ્ટ્રીયતાની મહાદીક્ષા લઈ આપણે સહુ કોમની આર્થિક, સામાજીક અને રાજનૈતિક સુધારણાના પ્રશ્નો હાથ ધરીએ અને તેનો ઉકેલ કરીએ. મેં ઉપર જણાવ્યું તે પ્રમાણે આપણે સહુએ ફિરકાભેદ મગજમાંથી કાઢી નાખી વિશાળતાની દૃષ્ટિએ આપણો તમામ સામાજીક વ્યવહાર નિયંત્રિત કરવો જોઈએ. શુદ્ધ વેપાર, વિશાળ અને સાદો સામાજીક વ્યવહાર, રાજકીય ભાવનાના વિકાસ માટે રાષ્ટ્રીય કેળવણી, એના ઉપર જ આપણી કોમનો પુનરોદ્ધાર અવલંબિત રહેશે એમ હું ખાત્રીપૂર્વક માનું છું.

૧. આપણો વેપાર

સટાની બદી અને વિદેશી કાપડના વેપારનું પાપ એ દૂર થવાં જોઈએ. સટાનાં પરીણામે ધન અને ધર્મ બંનેનો ધ્વંસ થાય છે. અને આજે અસંખ્ય કુટુંબો કેવળ આ કારણે જ દુઃખી છે. વિદેશી કાપડનો વેપાર જેમ જૈનેતર તેમ જૈનોને માટે ત્યાજ્ય હોવો જોઈએ. તે વેપાર, તેમાં રહેલી હિંસાને કારણે, ધર્મની દૃષ્ટીએ પાપરૂપ છે, ગામડાંઓના ગૃહઉદ્યોગોને અંતરાયરૂપ હોઈ આર્થિક દૃષ્ટિએ અતિ નુકશાનકારક છે. અને રાજનૈતિક દૃષ્ટિએ રાષ્ટ્રની સામે એક પ્રકારનો અક્ષમ્ય દ્રોહ છે. જૈનોએ જરૂર અને જલદી આ પાપનો વેપાર બંધ કરવો જોઈએ. યુવકો પોતાને લાગતાવળગતા વેપારીઓને આ વેપારમાંથી છોડાવવા માટે ધૈર્ય અને વિવેકથી ઘણું કરી શકે એમ છે. દરેક જૈન ખાસ કરીને યુવક વિદેશી કાપડના વેપારને અટકાવવાને માટે પોતાની જાતને શાંત પિકેટર બનાવી શકે એમ છે. અને તેમ થવા મારી તેમને નમ્ર પણ આગ્રહ પૂર્વક ભલામણ છે.

૨. સામાજિક વ્યવહાર

હવે સામાજિક વ્યવહારની બાબતમાં મારૂં નમ્ર મન્તવ્ય એ છે કે એ વિશુદ્ધ અને વિશાળ બનાવવા માટે હાલના ગચ્છ, ઘોળ અને ભૌગોલિક ભેદ એકદમ દૂર કરી ત્રણે ફિરકાઓ વચ્ચે લગ્ન-વ્યવહાર શરૂ થવો જોઈએ. તેમ થયે જ વિચાર અને વ્યવહારમાં હાલ જે સંકુચિત દૃષ્ટિબિન્દુઓ રહ્યા કરે છે તે મટી જશે અને કોમની પ્રગતિ સાચે માર્ગે થશે.

દેશની અને ખાસ કરીને આપણી કોમની વર્તમાન સ્થિતિ જોતાં આપણને સામાજિક વ્યવહારનાં મોટાં અને ખોટાં ખરચો ન જ હોવાં જોઈએ. જ્યારે દેશમાં એક દાવાનળ સળગી રહ્યો છે, અસંખ્ય જીવોને અન્ન અને વસ્ત્રના સાંસા પડે છે, અને જ્યાં ધનશક્તિના સંગ્રહ અને સદુપયોગની ખાસ જરૂર છે તે વખતે ઉજમણાં, વરઘોડા, વાજાં, સમૂહભોજન અને એવા બીજા આડંબરો આપણને કેમ હોઈ શકે? આપણે હાલમાં તો પોષણ અને કેળવણી વગર રખડતાં બાળકોનો, બેકાર યુવકોનો, નિરાધાર અને સમાજના સીતમોથી ત્રાસી ગયેલી વિધવા બહેનો અને માતાઓનો વિચાર કરવો ઘટે છે. આજે જો દ્રવ્યનો કોઈપણ દિશામાં વ્યવસ્થિત સંગ્રહ અને ઉપયોગની જરૂર હોય તો તે જૂના અને નવા મંદિરો અને ઉપાશ્રયોને માટે નહિ પરંતુ કોમના આર્થિક અને સામાજિક પ્રશ્નોના વ્યવહારુ ઉકેલને માટેજ છે, એમ આપને હું બહુજ નમ્ર ભાવે કહેવા ઇચ્છું છું. આર્થિક મુશ્કેલીથી રહિત અને વીર્યવાન તેમજ શ્રદ્ધાવાન શ્રાવકો હશે તો જ શાસનનો વિકાસ શક્ય છે.

૩. તીર્થોના ઝગડાનો અંત

સામાજિક વ્યવહાર વિશુદ્ધ અને વિશાળ કરવાને માટે તીર્થોના હાલ ચાલતા ઝગડાઓ પણ અરસપરસના સાચા હક અને લાગણી સચવાય એવી રીતે અને યોગ્ય સમજણથી સત્વર મિટાવવા જોઈએ. કોઈપણ સંજોગોમાં કોર્ટે તો તે ન જ લઈ જવા જોઈએ અથવા ન જ રહેવા દેવા જોઈએ. સાચી લાગણીથી પ્રેરાયલા દિગંબરી અને શ્વેતાંબરી યુવકોનું એક નાનું મંડળ બને અને તે અનુકૂળતાએ

જે તીર્થોને વિષે ઝગડાઓ ચાલે છે તેનો પૂરો અભ્યાસ કરી વ્યવહારુ ઉકેલ માટે પોતાનું મન્તવ્ય બહાર પાડી તે વિષે પ્રજામત કેળવી અને જરૂર પડે ત્યાં સત્યાગ્રહ પણ કરી ત્રાસદાયક ઝગડાઓનો અંત લાવે એમ મારી નમ્ર સૂચના છે. આ અથવા બીજી રીતે પણ ઝગડાઓનો અંત લાવવો જોઈએ.

૪. કેળવણી

આપણા ત્રણે ફિરકાઓમાં કેળવણીની દિશામાં આપણે કાંઈપણ નોંધ લેવાલાયક પ્રગતિ કરી નથી. જે થોડી ઘણી સંસ્થાઓ ચાલે છે તેમાં રાષ્ટ્રત્વ અને જૈનત્વની વિશાળ ભાવનાને પૂરતું પોષણ મળે તેવો પ્રબંધ થવો જોઇએ. ત્રણે ફિરકાઓનાં જુદાંજુદાં છત્રાલયો ચાલે છે તે ફિરકાવાર મટી એક થવાં જોઈએ અને તેની અંદર તમામ જૈન અને અવકાશ અનુસાર જૈનેતર વિદ્યાર્થીઓને માટે છૂટ અને સગવડ હોવાં જોઇએ. મારા અભિપ્રાય પ્રમાણે એક અખિલ ભારત જૈન રાષ્ટ્રીય કેળવણી મંડળ બને અને તેને તમામ જૈન કેળવણી સંસ્થાઓ અને છાત્રાલયોનો વહીવટ અને નીતિ સોંપવામાં આવે તો કેળવણીની સાચી દિશામાં આવકારદાયક પ્રગતિ થઈ શકે. મેં આ સંબંધમાં મારા કેટલાએક અંગત મિત્રો સાથે વાત કરી છે અને તેમને એ ગમી છે. અને હું આશા રાખું છું કે યુવકો અને સમાજના હિતચિંતકો આ વાત ઉપાડી લેશે. તમામ છાત્રાલયો શ્રી મહાવીર જૈન રાષ્ટ્રીય છાત્રાલય નામથી જ ઓળખાવાં જોઈએ, તેમાં રહેતા છાત્રોને માટે શુદ્ધ ખાદી ફરજિયાત હોવી જોઈએ અને તેની અંદર રહેતો વિદ્યાર્થી જ્યારે એમ કહી શકે કે હું જન્મે હિન્દી છું, ધર્મે જૈન છું અને સત્ય અને અહિંસાને માર્ગે મારા દેશની આઝાદી અને આબાદી માટે પ્રયત્નશીલ છું અને રહીશ, ત્યારે જ સમજવું કે સંકુચિત કોમી માનસમાંથી રાષ્ટ્રીય માનસ ઘડાયું છે.

રાષ્ટ્ર પ્રત્યે ભાવ અને ભક્તિ ખીલે અને બરાબર કેળવાય તેવી રીતે સંસ્થાઓ ઊભી કરવાની ખાસ જરૂર છે, અને તે જ્યાંસુધી ઉભી ન થઈ શકે ત્યાંસુધી છેવટે ઉપર જણાવ્યાં તેવાં છાત્રાલયોમાં

વિદ્યાર્થીની અનુકૂળતા મુજબ એક કલાક રાષ્ટ્રધર્મની કેળવણી મળે તેવો પ્રબંધ થવો જોઈએ.

વિધવા બહેનો જે પુનર્લગ્ન કરવા ન ઇચ્છતી હોય અને વૈધવ્યમાં રહીને જ દેશ અને દેહનું યત્કિંચિત હિતકાર્ય કરવા ધારતી હોય તેમને આ છાત્રાલયોમાં બપોરને વખતે જ્યારે વિદ્યાર્થીઓ શાળાકોલેજોમાં હોય ત્યારે રાષ્ટ્રસેવાની કંઈક દીક્ષા મળે તો તેમાંથી એક આબાદ દેશસેવિકાસંઘ ઉભો થઈ શકે અને તેથી દેશની સારી સેવા થાય.

રચનાત્મક કાર્ય અને યુવકો

જો રાષ્ટ્રસેવા એ જ અત્યારના સંજોગોમાં પરમ ધર્મ છે એમ સ્વીકારવા તૈયાર છો તો તમારે એ અદા કરવા સક્રીય બનવું જોઈએ. આજે તે માટે રચનાત્મક કાર્ય ઉપાડી લેવાની ખાસ જરૂર છે. કેવળ સભાઓસરઘસોથી કંઈ સંગીન ફળ નહિ પ્રાપ્ત કરી શકાય. દરેક યુવક હમેશાં કાંઈક ને કાંઈક યજ્ઞ રાષ્ટ્ર નીમિત્તે કરતો હોવો જોઈએ. તમારા પૈકીના એક તરીકે હું તમારી પાસે સપ્રેમ યાચના કરું છું કે :

૧. દરેક યુવક ભાઈ અને બહેન શુદ્ધ ખાદી પહેરવાની પ્રતિજ્ઞા લઈ લે અને છેલ્લા પ્રાણ સુધી એ પ્રતિજ્ઞામાં મક્કમ રહે.

૨. દરેક યુવક વર્ષ દરમ્યાન પોતાના ગામ અથવા જિલ્લામાં મહાસભાના ૧૦૦ સભ્યો બનાવે અને રૂા. ૧૦૦ની ખાદી ફેરી કરી વેચે.

૩. વર્ષ દરમ્યાન ૧૦૦૦ વાર સૂતર શ્રી દરિદ્રનારાયણની સેવાર્થે યજ્ઞ તરીકે કાંતે.

૪. સમાજસેવાને અંગે શ્રી યુવક સંઘ અને રાષ્ટ્રસેવાને અંગે મહાસભા તરફ ભાવ અને ભક્તિ સેવે.

યુવકો પાસે મારી યાચના

સમસ્ત રાષ્ટ્રની તેમજ આપણા સમાજની દુઃખજનક પરાધીનતાથી તમો સારી રીતે વાકેફ છો. નવીન જાગ્રતિથી તમો પ્રોત્સાહિત બન્યા છો; છેલ્લા મહાન યજ્ઞમાં નવજવાનોએ જે

અમુલ્ય બલિદાન આપ્યું તેમાં તમારો પણ કંઈક ઠીક ફાળો છે. પૂર્ણ સ્વાધીનતાને માટેનું આપણું મહાનયુદ્ધ હજી સમાપ્ત થયું નથી. અત્યારે યુદ્ધવિરામનો સમય છે પરંતુ થોડા વખતથી નવા અને ભયંકર યુદ્ધનાં નગારાં વાગી રહ્યાં છે. સરકારની પ્રતિષ્ઠા દરેક પ્રકારે તૂટી રહી છે. હવે ભારત ઉપર તેનો લેશ પણ નૈતિક પ્રભાવ રહ્યો નથી. છેલ્લા યુદ્ધમાં તેણે પશુબળનો અને કેટલેક ઠેકાણે નિર્દયતાનો પ્રયોગ કર્યો અને પ્રજાએ અને ખાસ કરીને નવજવાનોએ અજબ શાન્તિ, આત્મબળ અને વિશ્વાસથી તેનો મુકાબલો કર્યો. દેશમાં તેમ જ દુનિયામાં તેની ખૂબ જ અસર થઈ પણ શાહીવાદની મહત્ત્વાકાંક્ષાને પોષવા માટે સરકાર હજુ પણ એક વખત પોતાની પાસે પડેલા આસુરી સાધનોનો ઉપયોગ ભારતની સાથે લડવામાં કરવા માગતી હોય એમ સ્પષ્ટ જણાય છે. જે મહાન પુરુષ આપણા મુક્તિસંગ્રામના મહાસેનાની છે અને જે સાચી અને જગતકલ્યાણકારી શાન્તિના પૂજારી છે તેઓ હજુયે શાન્તિ માટે મથે છે અને મથશે પણ છેવટે જો તેમના પ્રયત્ન સફળ ન થાય અને નહિ થાય એવી દહેશત છે તો બહુ નજીકના ભવિષ્યમાં, સરકારે હમણાંહમણાં ચાલુ કરેલી દમનનીતિ, જેમાં અનિયંત્રિત અને અપરિમિત જુલમને અવકાશ છે, તેના પરિણામે એક ભયંકર દાવાનળ સળગશે. તે વખતે માતાની અને તે મહાનપુરુષની વીરહાકલને માથે ચડાવી સ્વતંત્રતાના નિમિત્તે અનેક પ્રકારે બલિદાન આપવા આપણે સૌએ કટિબદ્ધ થઈ જવું જોઈએ. કોઈપણ જૈન યુવક કે યુવતી બીજો વિચાર સરખો પણ ન કરી શકે. યાદ રાખજો ભારતના માનવસમુદાયના હિતમાં જ આપણી કોમનું દરેક પ્રકારે હિત સમાયેલું છે.

પ્રભુ આપણને આ યુગ વિષે આપણું કર્તવ્ય પૂરી રીતે બજાવવાની શક્તિ અને સાનુકૂળતા આપે એ જ નમ્ર પ્રાર્થના.